


# કૈસે દિવાને થે હમ આપ કો પાને કે લિયે

શાંતિ લેવા જેવો સમય હોય ત્યારે લોકો ફીજુલ મુદ્દાઓ પર આપસમાં લડતાં હોય છે. હમણાં સુરતમાં એક ધનવાને પોતાને ગોળી મારી દીધી. કારણ નજીવું ગણાવવામાં આવે છે. પરંતુ સાચી પીડા શી હતી તે ઘા ખાનાર પોતે જ જાણે. બહારથી જોતા લાગે કે બધું સરસ રીતે ચાલતું હતું, પૈસા ટકાની અછત ન હતી, આંગણે રૂડો અવસર યોજાવાનો હતો ત્યારે અમુક ક્ષણો સંયમ જાળવી જવાની જરૂર હતી. અનેક સવાલોની લાજ રહી જાત. સગાંઓ સાથેના ઝગડા એવા છે કે તેઓની સાથે પણ ન રહેવાય અને તેઓની વગર પણ ન રહેવાય. વિચિત્ર બંધન છે. ઘણા ફિલોસોફરો લખી ગયા છે અને આપણા અનુભવો પણ છે કે મિત્રો, સગાં કે ઓળખીતાઓથી જૂદા પડો ત્યારે ક્યારેય ઝઘડીને જૂદાં ન પડવું. શક્ય છે કે ફરીથી મળવાનો યોગ ન બને અને કાયમનો પસ્તાવો રહી જાય. આ લખનાર સાથે પણ એકવાર એવું બની ચૂક્યું છે. ઘણી વખત સંબંધોની ઊંડાઈ કરતા ઝઘડાનો વિષય ખૂબ છીછરો હોય. તેના માટે સંબંધનો બલિ ના ચડાવાય અને એવી અપેક્ષા સાથે તકરાર થતી હોય છે કે ભવિષ્યમાં સંબંધો સુધારી લઈશું, પણ એ તક ઘણી વખત કાયમ માટે જતી રહેતી હોય છે.

. બન્ને જૂદા પડી જાય. બાદમાં ખબર આવે કે પતિ યુદ્ધ મેદાનમાં શહીદ થઈ ગયો છે. પત્નીનાં દુ:ખ, અફસોસનો પાર રહેતો નથી અને જીવનભર તે પજવતો રહે છે. એ દુ:ખ કાયમનું રહી જાય છે. યુદ્ધ ક્ષેત્રની ઘટનાનું આ એક ઉદાહરણ છે, પરંતુ રોજબરોજની અનેક પ્રવૃત્તિઓમાં કે કામે જતી વેળાએ પતિ-પત્ની, મિત્રો, સંબંધીઓ ઝઘડીને જૂંદાં પડ્યાં હોય છે અને ત્યારબાદ અશુભ સમાચાર આવે છે. મુંબઈમાં એક ઓઈલ ટેન્કર પાછળ બીજું કશું નહીં, માત્ર એટલું જ લખ્યું હતું કે, 'પાપા, જલ્દી આ જાના'. જો આ વાક્યનો મર્મ સમજીએ તો ક્યારેય ધૃણા કે નફરત લઈને જૂદાં પડવાની ઈચ્છા નહીં થાય.

ફેબ્રુઆરી ૨૦૨૨ થી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું અને આજે ચાલુ છે. હવે કોઈ હિસાબ રાખતું નથી પરંતુ દસથી પંદર લાખની સંખ્યામાં લોકો, સૈનિકો માર્યા ગયા છે. એવી ઘટનાઓ ઘટી છે જેમાં હજારો અને લાખો યુવાન વિધવાઓ, બહેનો, માતાઓ અફસોસ કરતી રહી ગઈ છે. પ્રેમિકાઓ, પત્નીઓ માતાઓ, બહેનો, પિતાઓ વગેરે ઈચ્છતા ન હતા કે પતિ, ભાઈ કે પુત્ર યુદ્ધમાં ન જાય. ક્યારેક પુત્ર મનમાની કરીને જાય અથવા અમુક કિસ્સામાં પુત્રને જવાની ઈચ્છા ન હોય છતાં પરાણે મોકલવામાં આવે. આ બન્ને સ્થિતિમાં મનદુ:ખ કે કંકાસ સાથે તેઓ છૂટાં પડે. ભવિષ્યની ઘટનાનો કોઈ તાગ મેળવી શકતું નથી. વર્તમાન બને ત્યારે જ સમજાય. કાયમી વિદાયનું દુ:ખ માત્ર ઝઘડીને જૂદાં પડેલાં લોકોને જ પહોંચતું નથી. મોટા ભાગે ઘરનાં સભ્યો યુવાનને ભીની આંખોએ વિદાય આપે છે. તેઓને સ્વજન ગુમાવ્યાનું દુ:ખ હોય છે, પરંતુ ઝઘડીને છૂટા પડ્યા હોઈએ તો તેમાં ઓફસોસ, આત્મગ્લાનિનો ઉમેરો થાય છે.



યુક્રેન-રશિયા યુદ્ધ કે અન્ય સાંપ્રત યુદ્ધો જેમ કે ગાઝા, ઈઝરાયલ-ઈરાન વગેરેમાં ઈફસોસ, વિદાયની અસહ્ય કરુણાંતિકાઓ સર્જાઇ છે. ત્યાં ચિરવિદાયની પળોને આધુનિક ટેકનોલોજી વડે જીવંત રાખવાનો જે નવો ઉપક્રમ સામે આવ્યો છે તે આ આગળ લખેલી તે રશિયામાં સાધારણ છે. પરંતુ તેઓની સ્મૃતિ જાળવવા. માતા, પત્ની કે કુટુંબીજનો દ્વારા AI (કૃત્રિમ બુદ્ધિમત્તા) વડે એ પ્રકારની વિડિયો તૈયાર કરાવવાનું ચલણ શરૂ થયું છે. જેમાં યુવાન જાતે હાજર થઈને ઘરના લોકો સાથે હળેમળે છે, પ્રસંગોમાં હાજરી

**એવા કિસ્સાઓ છે જેમાં પતિ યુદ્ધ લડવા માટે સરહદ પર જવાની તૈયારીમાં હોય. દરમિયાન પતિ-પત્ની વચ્ચે કોઇક નજીવી બાબતમાં કંકાસ થાય. ક્ષણિક ક્રોધમાં પતિ-પત્ની એકમેકને પ્રેમથી ગૂડબાય કહેવાને બદલે ધડામથી દરવાજો બંધ કરી**

ભાવનાઓને બયાન કરે છે. એ દુ:ખ, ગમગીની છાવરવા માટેની પ્રયુક્તિઓ જ અમાપ વેદનાનું પ્રતિપાદન કરે છે. એક ચમકનાં સફેદ રંગના વેડિંગ સૂટમાં નવયુવાન પતિ એની સફેદ વેડિંગ ડ્રેસમાં અને જ્વેલરીમાં સજ્જધજ થયેલી નવયુવાન પત્નીને હળવેથી આલીંગન આપે છે. યાદ રહે કે આ લગ્ન વાસ્તવમાં યોજાયાં ન હતાં. યોજાય એ પહેલા પ્રેમી પ્રેમિકાથી જૂદો પડીને, હળવેથી ચૂંબન આપીને એ રણમેદાને પહોંચ્યો હતો, જ્યાં એ શહીદ થઈ ગયો. આ અનેક સત્ય ઘટનાઓ પૈકીની એક છે. પાછળની પ્રેમી સાથેના સંસ્મરણોની એક આબેહૂબ લાગે તેવી વિડિયો ફિલ્મ પ્રેમિકાએ તૈયાર કરાવડાવી. બન્નેનાં લગ્ન થવાના બાકી રહી ગયાં હતા. પરંતુ વિડિયોમાં એ ઝંખના, કાલ્પનિક રીતે પૂરી કરી જે AI વડે આબેહૂબ જણાય છે. વિડિયોની બીજી ફ્રેમમાં સૈનિક યુનિફોર્મમાં એ પ્રેમી સૈનિક, અનંત તરફ જતી સફેદ રંગની વાંકીચૂકી સીડીના પગથિયાં ચડતો જાય છે. અને દૂર ઊંચે પહોંચીને વાદળોમાં સમાઈ જાય છે. આખરી વિદાય લેતો હોય તેમ એ ગૂડબાય કહેતો જાય છે.

**સારાંશ**

★વિન્સી મરચન્ટ

મોટા ભાગે શહીદોને સરહદ પર જ દફન કરી દેવાય છે. મૃત સૈનિકનો દેહ કુટુંબીજનોને ન સોંપવો આપે છે. તે વિડિયો AIની મદદથી રચી આપે તેવા ટેકનિશયનોએ દૂકાનો શરૂ કરી છે. યુદ્ધ ખોરીની આ આડપેદાશ જેવી પ્રવૃત્તિ દુ:ખદાયી છે, પણ રશિયામાં બૃહદ સ્વરૂપમાં ખીલી છે. માત્ર યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોની જ નહીં પરંતુ અન્ય કે કુદરતી કારણોથી મરણ પામ્યાં હોય તેઓનાં સ્વજનો દ્વારા ચિરવિદાય અને શ્રદ્ધાંજલિની AI વિડિયો, હવે કરવા જેવું કામ ગણાઈ રહી છે. જે રશિયન સૈનિકની વાત કરી એની પત્નીએ લગ્નની અનેક સૈનિક યુનિફોર્મની કેટલીક સ્ટીલ તસવીરો એક AI એડિટરને સોંપી હતી અને તેના આધારે એ વિડિયો બન્યો. પ્રિયજનો માટે થોડી ઘણી સાંત્વના મેળવવાનો આ પ્રયાસ પણ સોશિયલ મિડિયા પર વિવાદનું કારણ બને છે.

શહીદ થયેલો સૈનિક એક પક્ષ માટે નાયક અને બીજા માટે ખલનાયક હોય છે. રશિયાના સોશિયલ મિડિયા પ્લેટફોર્મસ પર આ શૈલીનો વિડિયો-ક્લીપોની ભરમાર જોવા મળે છે. ખાસ કરીને શહીદ સૈનિકોના વિડિયોની ટીકા થઈ રહી છે. ટીકાકારોનું કહેવું છે કે જે સૈનિકે યુદ્ધમાં બીજાઓની અને પોતાની જાન લીધી તે સ્વર્ગ ભણી જઇ રહ્યો છે, તેવી વિડિયો યુદ્ધ અને નીંદનીય હિંસાને ગૌરવશાળી બનાવવા સમાન છે. એને સ્વર્ગમાં દાખલ કરાવવો તે ખુનરેજીની પ્રશસ્તિ બરાબર છે. અમુક વિડિઓમાં મૃત સૈનિકોને એન્જલ અર્થાત્ દેવદૂતનું પ્રણાલિકાગત સ્વરૂપ અપાય છે. એન્જલ નાના બાળકોનાં સ્વરૂપમાં પાંખો વડે ઊડતાં હોય છે. એવી પ્રાચીન કલ્પના છે. શહીદ પાંખો ફફડાવતો સ્વર્ગમાં દેવ પાસે પહોંચી જાય છે. અમુક વિડિયોમાં સૈનિક વિદાય લેતી વખતે સફેદ કબૂતર જેવાં પક્ષીના રૂપમાં ફેરવાઇ જાય છે અનંત આકાશમાં ઊડી જાય છે.

રશિયામાં ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ, વ્હોટસએપ વગેરે પર પ્રતિબંધ છે. યુટ્યુબ પણ જેવું તેવું. કાપકૂપ સાથે આવે છે. વ્હોટ્સએપની જગ્યાએ 'ટેલીગ્રામ અને ફેસબુકની જગ્યાએ 'વીકોન્ટેક્ટ' છે. ભારતીય રૂપિયા ૨૫૦૦ની આસપાસ ચૂકવીને મૃત સૈનિકોની એક મિનિટનો વિડિયો તૈયાર થાય છે અને આ પ્લેટફોર્મ્સ પર શેર થાય. બીજા ૨૫૦૦ ખર્ચે તો મૃતક પોતાનાં મૂળ અવાજમાં પોતાની ચિરવિદાયને અનુરૂપ શબ્દો બોલે છે. એમની જૂની વિડિયો કે રેકોર્ડ થયેલી વાતચીતમાંથી અવાજનું સેમ્પલ લેવામાં આવે. તે ન હોય તો કુત્રિમ કે બીજા કોઈનો અવાજ આપવામાં આવે. મૃતક જે કંઇ વિડિયોમાં બોલે તેનું લખાણ તો હયાત સગાંઓએ જ લખ્યું હોય છે. પરંતુ હવે એ સમય આવશે. જેમાં, 'જીવતાં જગતિયા'ની માફક લોકો પોતાના મરણ બાદ જે સંદેશો આપવો હોય તેનો વિડિયો જીવતેજીવ બનાવી રાખશે. જેથી પેઢી દર પેઢી તે જોતી અને સાંભળતી રહે અને કૌટુંબિક પ્રસંગોમાં AI મારફતે બોલાવતી રહે. ભવિષ્યમાં પાંચ, સાત કે વીસ પેઢીમાં જેટલા જન્મ્યાં હશે એ બધાંને ખાસ પ્રસંગોમાં હાજર કરી શકાશે. અનેક પેઢીઓનું ગેટટુગેધર યોજાશે. આવો એક વિડિયો બન્યો છે. જેને એક કરોડ ત્રીસ લાખ દર્શકોઓ જોયો છે. એન્ના કોરાબદેલવા નામની એક રશિયન મહિલાએ વીકોન્ટેક્ટ પર 'ફાઈનલ મીટીંગ' શિર્ષકની એક પેજ ખોલીને આ ટ્રેન્ડની શરૂઆત કરી હતી અને જોતા જોતામાં રશિયામાં તે વાઈરલ બની ગયો. અગાઉ એન્નાને એક સ્ત્રી તરફથી મેસેજ મળ્યો હતો કે એનો એક ભાઈ યુદ્ધમાં શહીદ થયો છે તે ભાઈને પોતે ગળે વળગાડી રહી હોય એવો એક વિડિયો પોતે ક્રીએટ કરાવવા માગે છે. એન્ના AI એડિટિંગનું કૌશલ્ય જાણતી હતી. એ સ્ત્રીને એન્નાએ કહ્યું કે પોતે કોઈ ફી લીધા વગર એ ક્રિએટ કરશે પણ સાથે શરત રાખી કે એન્ના પોતાના પેજ પર એ વિડિયો અપલોડ કરશે. પેજને 'ફાઈનલ મિટિંગ નામ આપ્યું. બે સપ્તાહમાં એ ક્લીપ વાઈરલ બની. એ ઘટનાને લગભગ વરસ થયું. ક્લીપ વાઈરલ બની પછી એન્નાને દિવસની પાંચસો પાંચસો વરદી મળવા માંડી. એક વેઈટીંગ લિસ્ટ બનાવવું પડ્યું. આ પ્રોજેક્ટને એન્ના એક થેરપી ગણાવે છે, જે લોકોની પીડા હળવી કરે છે. એન્ના વિડિયો અપલોડ કરે છે તેની સામે અને મોટી સંખ્યામાં એના પેજ પર હેટ મેસેજીસ પણ મળે છે. એક વિડિયો તૈયાર કરવામાં બે દિવસ લાગી જાય છે. જેમાં મૃતકના સગાંઓને મળીને મૃતકને લગતી વિગતો તસવીરો જૂની વિડિયો હોય તો તે વગેરે મેળવવામાં આવે છે. કામનું પ્રમાણ જોતા લાગે છે કે એન્નાએ માણસો રોકાવા પડ્યા હશે અને બીજું રશિયાના સૈનિકોની જાન ખુંવારી મોટી માત્રમાં થઈ છે. પ્રિયજનો જ્યારે વિડિયો જૂએ છે ત્યારે થોડી હળવાશ અનુભવે છે. એમ અન્નાનું કહેવું છે. મોટા ભાગની વરદી માતાઓ તરફથી મૃતક પુત્રને, પત્નીઓ દ્વારા પતિને અને પ્રેમિકાઓ દ્વારા પ્રેમીને નિહાળવાના હેતુથી મળે છે. દુનિયાના તાનાશાહોને આ પીડી નહીં સમજાય કારણ કે, તેઓનાં મન વિકૃત હોય અને હૃદય હોતાં નથી. ભગવાન કરે આવા વિડિયો જોઈને તેઓનું કઠોર હૃદય પીગળે. ઘણાં લોકો આવા વિડિયો જોઈને વ્યથિત બને છે. ઘણાંને ભયાવહ લાગે છે. સોશિયલ મિડિયામાં ઘણા લખે છે કે તે જોઈને તેઓને ભગવાન યાદ આવે છે અને પ્રાર્થના કરવાં માંડે છે. અહીં જૂના શબ્દો યાદ આવે છે. 'બિગડેગી ઔર બનેગી.' દુનિયા યહી રહેગી' આપણે બધા જ એક દિવસ વિડિયો ક્લીપોમાં સમાઇ રહી જઈશું.●